**નવસારી મનપા દ્વારા રેલવે સ્ટેશન પાસે 30.08 કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજ બનાવવાનું કામ મંજૂર કરાયું**

# નવસારીમાં ત્રીજો ROB બનશે

**એનએમસી** દ્વારા ત્રીજો અપ્રોચ રેલવે ઓવરબ્રિજ બનાવવા ટેન્ડર બહાર પડાયું

**ફાટક** નં. 127 પર વાહનોની વધુ લાઈન લાગી જતાં ટ્રાફિકની સમસ્યા ઉદભવી રહી હતી



નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા રેલવે સ્ટેશન પાસે 30.08 કરોડના ખર્ચે ત્રીજો અપ્રોચ રેલવે ઓવરબ્રિજ બનાવવાનું કામ મંજુર કરાયું છે. જેથી મનપાએ અપ્રોચ ઓવરબ્રિજ બનાવવા માટે ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું છે.

નવસારી-વિજલપોર નગરપાલિકા દ્વારા નવસારી રેલવે સ્ટેશનના પૂર્વ-પશ્ચિમને જોડતો રેલવે ઓવરબ્રિજ બનાવવાનું કામ મંજુર કરવામાં આવ્યું હતું.

જે ઓવરબ્રિજ બનીને તૈયાર થતા હાલ શહેરીજનો ઓવરબ્રિજનો ઉપયોગ કરી રહ્યા છે. નવસારી રેલવે સ્ટેશન ફાટક નં. 127 પર વાહનોની વધુ લાઈન લાગી જતા ટ્રાફિકની સમસ્યા ઉદભવી રહી હતી. જે સમસ્યાનું નિરાકરણ લાવવા માટે રેલ્વે ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો હતો.

બીજી તરફ નવસારી રેલવે સ્ટેશન પાસેથી વિરાવળ જકાતનાકા સુધીનો રીંગરોડ બનાવવામાં આવ્યો હતો. પરંતુ તે રીંગરોડ પર વરસાદી પાણી અને પુરના પાણી ભરાઈ જતા હોવાથી રીંગરોડ બંધ કરી દેવામાં આવતો હતો. જેથી વાહન ચાલકો શહેરની વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા. તેમજ સુરત તરફ જવા માટે પણ વાહન ચાલકોએ વિરાવળ જકાતનાકા થઈ જવું પડે છે. ત્યારે રેલવે ઓવરબ્રિજ બનવાથી રેલવે સ્ટેશન પાસેના ફાટક પર થતું ટ્રાફિકનું દબાણ હળવું કરી થઈ છે. પરંતુ સુરત તરફ જતા વાહનોને લીધે શહેરમાં ટ્રાફિકની સમસ્યા યથાવત જ રહી છે.

આ સમસ્યાને પગલે શહેરીજનોએ વિરાવળ જકાતનાકા તરફ જતા રીંગરોડ પર નવસારી રેલવે ઓવરબ્રિજ પર અપ્રોચ ઓવરબ્રિજ બનાવવાની માંગ કરી રહ્યા છે. જે બાબતે નવસારી-વિજલપોર નગરપાલિકાના શાસકો દ્વારા આયોજન પણ કરાયું હતું. દરમિયાન નવસારી મહાનગરપાલિકા બની જતા રેલવે ઓવરબ્રિજ પર અપ્રોચ ઓવરબ્રિજનું આયોજન અધવચ્ચે જ રહી ગયું હતું.

### સુરત જતાં વાહનચાલકોને ટ્રાફિક સમસ્યાથી છૂટકારો મળશે

જોકે નવસારી મહાનગરપાલિકાના કમિશનરે શહેરમાં થતા ટ્રાફિકને હળવું કરવા માટે ત્રીજો અપ્રોચ રેલવે ઓવરબ્રિજ બનાવવાનું આયોજન હાથ ધર્યું હતું. હવે ત્રીજો અપ્રોચ રેલવે ઓવરબ્રિજ બનાવવાની મંજુરી મળતા સુરત તરફ જતા વાહન ચાલકોને શહેરમાં થતા ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મળશે અને શહેરમાં ટ્રાફિકનું ભારણ ઓછું થશે. આ ત્રીજો અપ્રોચ રેલવે ઓવરબ્રિજ અંદાજે 30.08 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. જેના માટે એનએમસી દ્વારા ટેન્ડર પણ બહાર દેવામાં આવ્યું છે.



# સાપુતારા ઘાટમાં STની બ્રેક ફેઈલ થઈ ગઇ

**કડી-નાસિક** એસટી બસની બ્રેક ફેઈલ થઈ ખાડામાં ખાબકી ભેખડ સાથે ભટકાતા મોટી દુર્ઘટના ટળી

**રાત્રીનાં** અરસામાં ધીમી ધારનાં વરસાદી માહોલમાં ઘટના બનતા મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા-માલેગામ ઘાટમાર્ગમાં કડી-નાસિક એસટી બસની બ્રેક ફેઈલ થઈ ખાડામાં ખાબકી ભેખડ સાથે ભટકાતા મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ નાસિકથી મુસાફરો ભરી સાપુતારા વાયા થઈ કડી મહેસાણા ખાતે જઈ રહેલી ગુજરાત એસટી નિગમની એસટી બસ ન. જી.જે.18. ઝેડ 9065 જેનો સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ઘાટમાર્ગમાં અચાનક બ્રેક ફેઈલ થતા બસ ખાડામાં ઉતરી જઈ ભેખડ સાથે ભટકાઈને પલ્ટી ખાતા બચી જતા મોટી દુર્ઘટના ટળી હતી. અહી એસટી બસનાં ચાલકે સમયસૂચકતા વાપરી બસને ખાડામાં ઉતારી ભેખડ સાથે અથડાવી બસને પલ્ટી ખાતા બચાવતા મોટી જાનહાનિ ટળી હતી. આ બનાવ રાત્રીનાં અરસામાં ધીમી ધારનાં વરસાદી માહોલમાં બન્યો હોય જેથી બસમાં સવાર મુસાફરોમાં અફરા તફરીની સાથે ભયનો માહોલ સર્જાયો હતો. રાત્રીનાં અંધારામાં એસટી બસ એકાએક ખાડામાં ખાબકી ભેખડ સાથે ભટકાતા મુસાફરોનાં ચિચિયારીઓથી વાતાવરણ ગુંજી ઊઠયુ હતુ. આ અકસ્માતનાં બનાવની જાણ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. પી.ડી.ગોંડલિયા તથા નોટિફાઈડ એરિયા કચેરીનાં નાયબ મામલતદાર પી.વી પરમાર સહીત સાપુતારા ડેપો વિભાગને થતા પોલીસ, નોટિફાઈડ તેમજ એસટી ડેપોની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અહી અકસ્માતમાં તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયેલો હોવાની વિગતો સાંપડેલી છે. હાલમાં સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. પી.ડી.ગોંડલિયા સહીત એસટી વિભાગની ટીમે મુસાફરો માટે અન્ય બસની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી હોવાનું જાણવા મળેલું છે. આ બનાવ સંદર્ભે સાપુતારા પોલીસની ટીમે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખૂંધમાં જુગાર રમતા 8 ઝડપાયા

**રોકડા** રૂપિયા અને મોટરસાઈકલ સહિત ૯૬,૭૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી પોલીસે ખૂંધ ગામે છાપો મારી જુગાર રમતા ૮ને ઝડપી પાડી રોકડા રૂપિયા અને મોટરસાઈકલ સહિત ૯૬,૭૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ પોલીસ ટીમે બાતમીના આધારે ખૂંધ ગામે આઝાદનગરમાં છાપો મારી પટેલ બેકરીની પાછળ ખુલ્લી જગ્યામાં ગંજીપાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા આઠને ઝડપી પાડી દાવ પરના રોકડા અને અંગઝડતીમાં ૧૬,૭૫૦ રૂપિયા તથા મોટરસાઈકલ અને મોપેડ મળી કુલ ૯૬,૭૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીઓમાં મહેબૂબ માસાક શેખ (રહે., સાંઈ નગર, ખૂંધ, તા.ચીખલી) આસીફ કાલુ શેખ, મુબારક અજમેરી ખાન, આરીફ કાલુ શેખ (તમામ રહે., આઝાદનગર, ખૂંધ) અજય મહેશ ગરાસિયા (રહે., મજીવેદ ફળિયા, આલીપોર) ઈરફાન રહેમાન શેખ (રહે., અમીનાબાગ સોસાયટી, થાલા) તોસીમ અબ્દુલ રહીમ શેખ (રહે., ખાડામાં, ખૂંધ), અલ્પેશ ફકીર હળપતિ (રહે., મોરલી ફળિયા, આલીપોર, તા.ચીખલી) સહિતનાનો સમાવેશ થાય છે.

# વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં 21 પ્રશ્નોની ફૂલઝડી

**સરોધીમાં** ગેરકાયદે રેતી ક્રસિંગ, સરકારી કંડમ વાહનો, દરિયા કિનારેની જેટીના પ્રશ્નો રજૂ થયા

**વર્ષોથી** બંધ ધરમપુર ચિલાર માળ બંધ બસ સહિતના પ્રશ્નોની ધારાસભ્યો દ્વારા રજૂઆત

વલસાડ : વલસાડ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની માસિક બેઠક જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભા ખંડમાં મળી હતી. જેમાં 21 પ્રશ્ન રજૂ થતા નિવારણ માટેની ચર્ચા થઈ હતી. ઉમરગામના ધારાસભ્ય રમણ પાટકરે તાલુકામાં સરકારી રાશનની દુકાન, બંધ ક્વોરી, ખેડૂતો માટેની ફેન્સિંગ યોજનાઓ, મેરીટાઈમ મત્સ્યઉદ્યોગ દ્વારા મંજૂર થયેલી ચાર જેટી, ભીલાડ અંડર ગ્રાઉન્ડ બ્રિજથી ભીલાડ સુધી અને ને.હા.નં. ૪૮ સુધી બિસ્માર રસ્તો, વલસાડના ધારાસભ્ય ભરત પટેલે શંકર તળાવ ગામમાં નવા નગરનો રસ્તો અને સરોધી ગામે ગેરકાયદે રેતી ક્રસીંગ સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈએ પ્રશ્ન કર્યા હતા.

જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ મિનાક્ષીબેન ગાંગોડાએ ખેડૂતોને આપવામાં આવતી જંગલ જમીન અને ધરમપુર ડેપોથી કપરાડામાં ચિલારમાળ રૂટ પર બંધ કરેલી બસ ચાલુ કરવા સહિતના પ્રશ્ન રજૂ કર્યા હતા. રજૂ કરાયેલા પ્રશ્નોના નિકાલ માટે જિલ્લા કલેક્ટરે અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી નિકુંજ ગજેરા દ્વારા અધિકારીઓને તેમના હસ્તકના વાહનો જે કન્ડમ કરવા પાત્ર હોય તેને સરકારી વાહનોને રદબાતલ કરવા અંગેની કાર્ય પધ્ધતિનો અમલ કરી નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરવા જણાવાયુ હતું. બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, પ્રાંત અધિકારીઓ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### વાપીથી ગુમ સગીરને યુપીથી પોલીસે શોધી પરિવાર સાથે પુનઃ મિલાપ કરાવ્યો

વાપી : યુપીના ગાજીપુર જિલ્લાના વતની અને હાલ વાપી ટાઉન સુથારવાડ વિસ્તારમાં રહેતા પરિવારનો 11 વર્ષીય પુત્રને માતાએ સાયકલ ચલાવવા બાબતે ઠપકો આપ્યો હતો. જેથી તે ગત તા.14-10-25 ના રોજ બપોરના સમયે ઘરેથી કોઈને પણ કહ્યા વગર કયાંક ચાલી ગયો હતો અથવા અપહરણ થયેલાની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરવામાં આવી હતી. વાપી ટાઉન પીઆઈ એમ.પી.પટેલના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્ટાફ સાથે અલગ-અલગ ટીમો બનાવી બનાવની જગ્યાની આસપાસનાઓને બાળકના ફોટાઓ બતાવી સીસીટીવી કેમેરાઓ ચેક કરવામાં આવ્યા હતા. બોર્ડર રાજ્ય જિલ્લા પોલીસ, રેલવે પોલીસમાં પણ તે અંગેની માહિતી મોકલી આપી હતી. ગુમ થયેલો બાળક વતન ગાજીપુર જતો હોય તેને ગાજીપુર (યુપી) થી શોધી કાઢ્યો હતો અને વતનમાં તેના પરિવારજનોને સોંપ્યો હતો. આમ, ગુમ થનાર બાળકને પોલીસે 19 કલાકના સમયમાં શોધી કાઢવામાં સફળતા મળી અને પુનઃ મિલાપ પરિવાર સાથે કરાવ્યો હતો.









**નદીઓના કેચમેન્ટ એરિયામાં આવેલા ધોધ સોળે કળાએ ખીલી ઉઠ્યા**

# ડાંગ જિલ્લામાં સતત ત્રીજા દિવસે છૂટો છવાયો વરસાદ

**વરસાદને** કારણે વાતાવરણમાં ખુશનુમા ઠંડક પ્રસરી ગઈ અને લીલીછમ વનરાઈ વધુ સુંદર બની

**સતત** ઝાપટાના કારણે આદિવાસી ખેડૂતોના ઊભા પાકને મોટું નુકસાન પહોંચવાની સંભાવના


ગિરીશ ભોયે

સાપુતારા : ગુજરાતનાં પર્વતીય અને આદિવાસી વસ્તી ધરાવતા ડાંગ જિલ્લામાં છેલ્લા સતત ત્રણ દિવસથી છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. ડાંગ જિલ્લાનાં વિવિધ વિસ્તારો જેવા કે આહવા, વઘઈ, સુબીર અને ગિરિમથક સાપુતારા સહિતના ગામડાઓમાં ગાજવીજ અને પવન સાથે વરસાદના ઝાપટા પડ્યા હતા. એક તરફ આ વરસાદને કારણે વાતાવરણમાં ખુશનુમા ઠંડક પ્રસરી ગઈ છે અને ડાંગની લીલીછમ વનરાઈ વધુ સુંદર બની છે, તો બીજી તરફ ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. વરસાદના આ સતત ત્રીજા દિવસના વિરામ વગરના ઝાપટાએ ખાસ કરીને આદિવાસી ખેડૂતોના ઉભા પાકને મોટું નુકસાન પહોંચે તેમ છે. ડાંગર સહિતના પાકોને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે ખેડૂતોની સ્થિતિ 'જાયે તો કહા જાયે' જેવી બની છે. કુદરતનું આ ઋતુચક્ર આદિવાસી ખેડૂતો માટે બેવડી મુશ્કેલી લઈને આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, નદીઓના કેચમેન્ટ એરિયામાં આવેલા ધોધ અને ઝરણાં સોળે કળાએ ખીલી ઉઠ્યા છે અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ભારે ઉકળાટ બાદ વરસાદ શરૂ થવાથી લોકોને ગરમીમાંથી રાહત મળી છે, પરંતુ ખેતીવાડીને થયેલા નુકસાનને કારણે ખેડૂત પરિવારોમાં ગમગીની છવાઈ ગઈ છે.

### નવસારીમાં તાપમાન ગગડ્યું છતાં આકરી ગરમીનો અહેસાસ

નવસારી : નવસારીમાં મહત્તમ તાપમાનમાં અડધો ડિગ્રી વધ્યું હતું. જોકે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી ગગડ્યું હતું. તે છતાં પણ આકરી ગરમીનો અહેસાસ થયો હતો. નવસારીમાં ગત ગુરુવારે મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા પુરઝડપે પવનો ફૂંકાવા સાથે કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાઓ પડ્યા હતા. જ્યારે કેટલાક વિસ્તારમાં માત્ર છાંટા પડ્યા હતા. ત્યારબાદ ગતરોજ મહત્તમ તાપમાનમાં 3.3 ડિગ્રીનો વધારો થયો હતો તેમજ લઘુત્તમ તાપમાનમાં 5 ડિગ્રીનો વધારો થયો હતો. જેથી ગત રોજ ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ થયો હતો. આજે નવસારીમાં મહત્તમ તાપમાનમાં 0.8 ડિગ્રીનો વધારો થતા 37.5 ડિગ્રી નોંધાયું હતું. જોકે લઘુત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો ઘટાડો થતા 24.5 ડિગ્રી નોંધાયું હતું.








